# ગાંધીનગર રથયાત્રામાં રથની પાછળ રોપાઓનું વિતરણ કરાશે

ગાંધીનગર, તા. ૧૯

પર્યાવરણ બચાવવા માટે વધુ વૃક્ષ વાવવા એ જ સૌથી સરળ અને ચોક્કસ માર્ગ છે. આજે સમગ્ર વિશ્વ વૈશ્વિક તાપમાનની સમસ્યાથી ત્રસ્ત છે ત્યારે ગાંધીનગર વન વિભાગ દ્વારા દર વર્ષની જેમ આગામી ચોમાસાને અનુલક્ષીને વનીકરણ અભિયાન હાથ ધર્યું છે. જેના ભાગરૂપે ગાંધીનગર શહેર અને જિલ્લામાં નવા વૃક્ષો વાવવા માટે કુલ ૬૮ લાખ અલગ અલગ રોપાઓનો ઉછેર કરવામાં આવ્યો છે.

વન વિભાગ દ્વારા ગ્રીન સીટી ગાંધીનગરને વધુ ગ્રીન બવાવવા માટે ગાંધીનગર વિભાગમાં અલગ અલગ પ્રકારની નર્સરીઓ આવેલી છે જેમાં ૧૯ ખાતાકીય નર્સરી અને ૧૨૩ કિસાન નર્સરી, ૪૯ મહિલા નર્સરી અને ૩ શાળા નર્સરીઓનો સમાવેશ થાય છે. આ નર્સરીઓમાં અંદાજીત ૩ લાખ નીલગીરી, ૭૫ હજાર વાંસ, ૬૫ હજાર સરૂ, ૫ લાખ લિમડા, ૬ લાખ ફળાઉ. અને ૫૧ લાખ અન્ય રોપાઓ ઉછેરવામાં આવ્યા છે. જેમાં ગરમાળો, ગુલમહોર, આસોપાલવ, ખાખરો, કાગજી, સપ્તપર્ણી, મિલેઢીયા, કણજી, પારીજાત, પિન્કેશીયા, બોરસલ્લી જેવા વિવિધ ફુલ આપતા તેમજ ઈમારતી લાકડુ આપતા વૃક્ષોનો સમાવેશ થાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે દર વર્ષની જેમ ગાંધીનગરમાં વન વિભાગ દ્વારા ખાસ આયુર્વેદિક રોપાઓનું વિતરણ કરાશે જેમાં તુલસી, અરડુસી, નગોડ, ડોડી, કુંવરપાઠું, તદ્ઉપરાંત લીલી, પીળી-લાલ મહેદીં, કરણ, મોગરવેલ, જેવા ફૂલોના રોપાઓનું વિતરણ કરાશે. આ રોપાઓ વન વિભાગ દ્વારા નજીવી કિંમતે વેચાણ કરવામાં આવશે જેમાં રોપાની કોથળીની સાઈઝ પ્રમાણે ૭૫ પૈસાથી રૂા.૧૦ સુધીની કિંમત વસૂલવામાં આવશે.

ગાંધીનગરના નગરજનો માટે વિતરણ વ્યવસ્થા ચ-૦, રાજભવન, વનચેતના કેન્દ્ર,જી.ટી.એસ, આદિવાડા, સેક્ટર-૧૭માં આવેલી નર્સરીઓ ખાતેથી કરવામાં આવી છે. તેમજ દર વર્ષની જેમ રથયાત્રાના પાછળ રોપાઓનું વિતરણ કરવામાં આવશે. તેમ ગાંધીનગર વિભાગના ડી.સી.એફ શ્રી ભાવીન વ્યાસે જણાવ્યું છે.

## શહેર પેન્શનર્સ સમાજ સેક્ટર-૨ અને ૭ના કોર્નર પાસે રથયાત્રાનું સ્વાગત કરશે

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ સેક્ટર-૨૧ના પંચદેવ મંદિરથી પ્રસ્થાન થનાર રથયાત્રાનું સેક્ટર-૨ અને સેક્ટર-૭ના કોર્નર પાસે સ્વાગત કરશે. શહેર પેન્શનર્સ સમાજના પદાધિકારીઓ, કાર્યવાહક સમિતિના સભ્યો, સેક્ટરના પ્રતિનિધિઓને તા. ૨૧મી જૂન-૨૦૧૨ના રોજ ગુરુવારે સવારે ૯.૩૦ કલાકે સેક્ટર-૨ અને સેક્ટર-૭ના કોર્નર ઉપર રથયાત્રાનું સ્વાગત કરવા અચૂક હાજર રહેવા પ્રવર મંત્રી નિરંજન ઓઝાએ જણાવ્યું છે.

## જલારામ સેવા સમાજ દ્વારા રથયાત્રાના મોસાળામાં ૪૦૦૦ ભાવિક ભક્તો માટે પ્રસાદ પિરશાસે

પરંપરાગત રથયાત્રા દર વર્ષની જેમ આ વર્ષે પણ ગાંધીનગરમાં નિયત રૂટ પ્રમાણે નિકળશે. ભગવાન કૃષ્ણના મોસાળ ગણાતા જલારામ મંદિર, સેક્ટર-૨૯ ખાતે ભાવિક ભક્તોને ખીચડી-બટેટાનું શાક અને બુંદી-ગાંઠીયાનો પ્રસાદ તથા છાસનું ભાવપૂર્વક વિતરણ કરવામાં આવશે.

જલારામ સેવા સમાજ દ્વારા રથયાત્રાના મોસાળામાં ચાર હજાર જેટલા ભાવિક ભક્તો ઉમટી પડશે. આ ભાવિક ભક્તિનો મોસાળામાં પ્રસાદ પીરસવાની વ્યવસ્થા માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. નગરના દાતાઓ તરફથી બુંદી માટે ૯૦ કિલો ચોખ્ખુ ઘી, ૧૦ તેલના ડબ્બા, બેશન ૧૦૦ કિલો, ખાંડ ૧૦૦ કિલો, જલારામ મંદિર, સેક્ટર-૨૯, ગાંધીનગર ખાતે પહોંચી ગયું છે. ખીચડી માટે ૨૦૦ કિલો ચોખા તથા ૫૦ કિલો મગ દાળ તેમજ ૩૦૦ થી ૫૦૦ કિલો બટેટા, ૩૦ કિલો ટામેટા આવી ગયા છે. નગરજનો માટે ૧૦૦૦ લી. છાસ પણ પીરસવામાં આવશે.

મોસાળામાં ભાવિકોને પ્રસાદ પિરસવા માટે રસોઈયા તથા તેને લગતા તમામ માણસો કામે લાગી ગયા છે. જલારામ સેવા સમાજ સંચાલિત સદાવ્રતના રજત જયંતિ વર્ષમાં રથયાત્રાની ભવ્ય આગતા-સ્વાગતા કરવામાં આવશે. આયોજકો અને સેવાર્થીઓમાં આ બાબતે અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ગાંધીનગરની સ્થાપના બાદ ૧૯૮૫ થી ગાંધીનગર શહેરમાં રથયાત્રા સમિતિ દ્વારા પરંપરાગત રીતે રથયાત્રા નિકળે છે. જેમાં મોટી સંખ્યામાં માનવ મહેરામણ ઉમટી પડે છે. ૨૬ વર્ષથી નિકળતી રથયાત્રામાં જલારામ મંદિર, સેક્ટર-૨૯ ખાતેના મોસાળામાં મહાપ્રસાદનું વિતરણ કરવામાં આવે છે જેનો આ વર્ષે હજારો માણસો લાભ લે તેવું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

## ભારત વિકાસ પરિષદ જળભવન ખાતે રથયાત્રાનું સ્વાગત કરશે

ભારત વિકાસ પરિષદ દ્વારા ૨૧મી જૂન-૨૦૧૨ને ગુરુવારે નિકળનારી રથયાત્રામાં જળભવન, સેક્ટર-૧૦ ખાતે ગ્લુકોઝવાળા પાણીનું વિતરણ કરવામાં આવશે. ગાંધીનગરના છ-રોડ પર જળભવન, સેક્ટર-૧૦ નજીક ભારત વિકાસ પરિષદ દ્વારા રથયાત્રાનું પરંપરાગત સ્વાગત કરવામાં આવશે. શુદ્ધ બરફ અને આરો પ્લાન્ટના પાણીથી બનાવેલ ગ્લુકોઝવાળા પાણીનું વિતરણ કરવામાં આવશે અને રથયાત્રા પસાર થઈ ગયા બાદ 'જળ ભવન'વાળા રોડની સફાઈની જવાબદારી ભારત વિકાસ પરિષદના સભ્યોએ લીધી છે.

## મધુર ડેરીની ચૂંટણીના પગલે આગેવાનોમાં શરૂ થયેલો સળવળાટ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર દૂધ ઉત્પાદક સંઘ (મધુર ડેરી)ના હાલના વહીવટકર્તાઓ દ્વારા ગેરરીતિઓ અને ભ્રષ્ટાચાર આચરવામાં આવતો હોવાના આક્ષેપ સાથે વિવિધ દૂધ મંડળીઓ દ્વારા યુનિયન બનાવી કાનૂની લડત શરૂ કરવામાં આવી છે. આ સાથે ટૂંક સમયમાં યોજાનારી ચૂંટણીમાં પણ પરિવર્તન પેનલ ઉભી કરી ચૂંટણી પણ લડશે.

મધુર ડેરીની વ્યવસ્થાપક કમિટિની ચૂંટણી આગામી એકાદ બે મહિનામાં યોજાનાર છે જેના પગલે વિવિધ ગામની દૂધ મંડળીઓ દ્વારા ડેરીના હાલના વહીવટકર્તાઓ સામે ભ્રષ્ટાચાર અને મંડળીઓના મતદારોને ધાકધમકી અપાતી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ડેરી દ્વારા મતદારોને પ્રવાસ, પૈસાની લાલચ અને અન્ય પ્રલોભનો આપવા સામે મનાઈ હુકમ મેળવવામાં આવ્યો છે જેને બોર્ડ ઓફ નોમીનીઝે તા. ૧૭-૭-૨૦૧૨ સુધી યથાવત રાખ્યો છે. મધુર ડેરીના વહીવટકર્તાઓની આ પ્રવૃત્તિ સામે વિવિધ મંડળીઓએ યુનિયન બનાવ્યું છે. જેના દ્વારા આગામી ચૂંટણીમાં પરિવર્તન પેનલ મેદાનમાં ઉતારવામાં આવશે. આ ઝુંબેશમાં સમગ્ર જિલ્લાના તમામ જ્ઞાતિ અને વર્ગના સહકારી આગેવાનોનો સહયોગ મેળવવામાં આવશે.

## કલ્પતરૂ દ્વારા ગ્રામ્ય વિસ્તાર માટે અંતિમવાહિની જુસિકાને અર્પણ કરાઈ

ગાંધીનગર, તા.૧૯

જુનિયર સિટિઝન કાઉન્સિલ દ્વારા ગાંધીનગર શહેરને એમ્બ્યુલન્સ અને અંતિમ શબ વાહિનીની સેવા ઘણા લાંબા સમયથી મળી રહી છે. ગાંધીનગર શહેરની આસપાસના ગ્રામ્ય વિસ્તારને પણ આ સેવા મળી રહે તે માટે જુનિયર સિટિઝન કાઉન્સિલ અને કલ્પતરૂ પાવર ટ્રાન્સમીશન લિ. દ્વારા નવી આઈસ અંતિમ શબ વાહિનીની અર્પણ વિધિ કલ્પસેવા આરોગ્ય કેન્દ્ર, જીઆઈડીસી, સેકટર-૨૫, ગાંધીનગર ખાતે કરવામાં આવી હતી.

છેલ્લા ત્રણ વર્ષથી ગાંધીનગરમાં આવેલા મુકિતધામ, સેકટર-૩૦નું સંચાલન જુનિયર સિટિઝન કાઉન્સિલ



દ્વારા કરવામાં આવે છે. મુકિતધામની સુવિધાયુકત સેવાઓ ગ્રામ્ય વિસ્તારને મળી રહે તે હેતુથી જુનિયર સિટિઝન કાઉન્સિલ અને કલ્પતરૂ પાવર ટ્રાન્સમીશન લિ. દ્વારા નવી આઈસ અંતિમ વાહિનીની અર્પણ વિધિ કલ્પસેવા આરોગ્ય કેન્દ્ર, જીઆઈડીસી, સેકટર-૨૫ ખાતે કંપનીના સીએફઓ શ્રી કમલકિશોર જૈનના વરદ હસ્તે કરવામાં આવી હતી. આ પ્રસંગે પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ચેરમેન મહેન્દ્ર ત્રિવેદી, વેસ્ટર્ન એગ્રી સીડસના ડાયરેકટર એન.પી. પટેલ કલ્પતરૂ કંપનીના ડે. પ્રેસીડેન્ટ શ્રી મનીષ બારૈયા, ડે. પ્રેસીડેન્ટ શ્રી વિનોદ રાદડિયા, શ્રી કે.એમ. છાજેડ, શ્રી બસંત રામરાસકા, રાજેશ અગર, અનુપમસિંહ રાઠોડ, જુનિયર સિટિઝન કાઉન્સિલના હોદેદારો, કલ્પસેવા આરોગ્ય કેન્દ્રનાં તબીબો, ગ્રામ્ય વિસ્તારના સરપંચો તથા જુનિયર સિટિઝન કાઉન્સિલના સભ્યો અને કર્મચારીગણ ખાસ હાજર રહ્યા હતા અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## વૉર્ડ નં.૬ ભાજપ દ્વારા સંગઠન પર્વની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૯

સંગઠન પર્વ ૨૦૧૨ ની ઉજવણી ભારતીય જનતા પાર્ટી દ્વારા કરાઈ રહી છે. ત્યારે વૉર્ડ નં.૬ માં સંગઠન પર્વની ઉજવણી નિમિત્તે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં ગાંધીનગર શહેરનાં પ્રભારી અને પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ રમીલાબેન બારા, ગાંધીનગર મહાનગર પ્રમુખશ્રી રૂચિર ભટ્ટ, ઉપપ્રમુખ જિગ્નેશ જોષી, મહિપતભાઇ મિસ્ત્રી, મહામંત્રી રણછોડભાઇ રથવી, મંત્રી કનુભાઇ દેસાઇ, યુવા મોરચાના પ્રમુખ ઉરેન પટેલ, શહેર ભાજપ મહિલા મોરચાના ઉપાધ્યક્ષ જયશ્રીબેન લીમ્બાચીંયા, અનુસૂચિત જાતિ મોરચાના પ્રમુખ કનુભાઇ વાલેરા, બક્ષીપંચ મોરચાના મહામંત્રી નરેન્દ્ર પંચાલ, કિસાન મોરચાના મહામંત્રી વાલજી દેસાઇ, આ ઉપરાંત વૉર્ડ નં.૬ ના તમામ મોરચા સૅલનાં હોદેદારો કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને સંગઠનને વધુ મજબૂત બનાવવા હાકલ કરી હતી.

સ્વાગત પ્રવચન વૉર્ડ પ્રમુખ મફતભાઇ દેસાઇએ કર્યું હતું અને આભારવિધિ દશરથભાઇ લીમ્બાચીયા એ કરી હતી.



(તસવીર : દિપક જાની)

ગાંધીનગર મહાનગર ભાજપના વોર્ડ - ૧૦ અર્થાત્ સેક્ટર-૩ અને ૫ના કાર્યકરોની મહત્ત્વની બેઠક મંગળવારે બપોરે ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પુરુષોત્તમ રૂપાલાના નિવાસસ્થાને યોજાઈ હતી. આ બેઠકમાં વોર્ડના પદાધિકારીઓ અને કોર્પોરેટરો સહિત સક્રિય કાર્યકરો હાજર રહ્યા હતા. શ્રી રૂપાલાએ સંગઠન અંગે માર્ગદર્શન આપ્યું હતું.

## ગાંધીનગર લોકસભા યુવક કોંગ્રેસ દ્વારા કાર્યક્રમ યોજાયો

અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને યુવાનેતા શ્રી રાહુલ ગાંધીના ૪૧મા જન્મદિવસે યુથ કોંગ્રેસ દ્વારા ગાંધીનગર શહેરની ઈન્દ્રોડા ખાતેની શાળામાં મફત ચોપડા વિતરણ કાર્યક્રમ હેઠળ ધોરણ-૮ના વિદ્યાર્થીઓ આપવામાં આવશે. લોકસભા યુવક કોંગ્રેસના પ્રમુખશ્રી જયદિપસિંહ ઠઆકોર, ગાંધીનગરના કોર્પોરેટરશ્રી હસમુખકુમાર, મકવાણા, શૈલેન્દ્રસિંહ બિહોલા, જીતુભાઈ રાયકા, હર્ષજીતભાઈ પંડ્યા, યુવા અગ્રણીઓ અંકિતભાઈ બારોટ, યુનુસભાઈ પરમાર, ભાવેશ દેસાઈ, આઝાદસિંહ ઠાકોર, નરેશ ઠાકોર ઉપસ્થિત રહી યુવા અગ્રણીઓએ વિદ્યાર્થીઓને ચોપડા વિતરણ કરી સાદગીથી કાર્યક્રમ સંપન્ન થયો.

## નિષ્ઠા અને પ્રામાણિક્તા થકી સંબંધોની સુવાસ ત્રણ-ત્રણ પેઢી સુધી વિસ્તરી છે

### ગાંધીનગરના જાણીતા ઓર્થોપેડીક સર્જન ડૉ. વિજય ઉપાધ્યાયની હોસ્પિટલ અને ઘરની તમામ સાર-સંભાળ દશરથ પરમાર અને તેમની દીકરી રાખે છે

આજના સ્વાર્થી સમયમાં મનુષ્યમાં નિષ્ઠા અને પ્રામાણિકતા જેવા ગુણો શોધવા ભારે મહેનત કરવી પડે છે ત્યારે દશરથ પરમારના પરિવારે આ બે ગુણો થકી ડૉ. ઉપાધ્યાયની હોસ્પિટલ અને ઘરના કામકાજમાં ઓતપ્રોત થઈ દાયકાઓનો સમય વિતાવ્યો છે એ જેવી તેવી વાત નથી. સંબંધોની દુનિયામાં દાયકાઓ સુધી સચવાયેલા અને વિકસેલા આ સંબંધોનું સ્થાન તો અવશ્ય હોવું જ જોઈએ...

ગાંધીનગરના જુના અને જાણીતા ડૉ. વિજય ઉપાધ્યાયની સેક્ટર-૨૨ની હોસ્પિટલમા જાઓ એટલે દશરથનું નામ અચુક એકાદ-બે વાર સાંભળવા મળે. એક્સ-રે પાડવો હોય, કે દર્દીનું ડ્રેસીંગ કરવું હોય કે ડૉ. ઉપાધ્યાય કોઈ ઓપરેશનમાં હોય, દશરથ સતત દોડાદોડી કરી હોસ્પિટલનું બધુ જ કામ પૂર્ણ કરે. કોઈ નવા મશીનો આવ્યા હોય તો તેના બધા જ ફંકશન દશરથ સૌથી પહેલા સમજી લે અને તે હોય એટલે ડૉક્ટર સાહેબને પણ કોઈ ચિંતા નહી. દશરથ મેલ નર્સ છે, કોઈ ટેકનીશીયન છે કે ડૉ. ઉપાધ્યાયના પરિવારનો સભ્ય તે તેને મળ્યા વગર તો જાણી જ ન શકાય. તમને આશ્ચર્ય લાગશે પણ હકીકત એ છે કે દશરથ બહુ ભણ્યો નથી. પરંતુ તેની નિષ્ઠા અને સમજણ શક્તિ એટલી જોરદાર છે કે તે હોસ્પિટલના બધા જ કામો કોઈ પ્રોફેશનલને હંફાવે તેમ કરે છે.

સેક્ટર-૨૨ની હોસ્પિટલનું મેનેજમેન્ટ કરતા ડૉ. વિજય ઉપાધ્યાયના પત્નિ રક્ષિતાબેન કહે છે કે દશરથ તો અમારો ઓલ રાઉન્ડર છે. ચોવિસ કલાક તે અહીં હાજર હોય અને નાની મોટી મુશ્કેલીઓનો તે જાતે જ નીવેડો



લાવી દે. તેની મમ્મી મણીબેને

**સંબંધ સજાવે જિંદગી**

**વી આર ફેમિલી**

- તબસ્સુમ પઠાણ

gsrelation@yahoo.com

અમારી હોસ્પિટલમાં વર્ષો સુધી કામ કર્યું. હોસ્પિટલની સાફ-સફાઈ કરવા માટે અહીં જોડાયેલા દશરથે તેની ધગશ અને કુશળતાથી હોસ્પિટલના ઘણાં નાના-મોટા કામ શીખી લીધા છે. દર્દીઓ સાથે પણ તેને સારૂ બને છે. દશરથ કહે છે કે ડૉક્ટર સાહેબે તો મને તેમના પરિવારનો સભ્ય જ બનાવી રાખ્યો છે. અહીં આવ્યો ત્યારે મને કપડાં પહેરવાનું ભાન પણ ન હતું. તેમણે મને ખુબ શીખવ્યુ અને એટલો જ સાચવ્યો છે. તેમના સહકારથી જ આજે અમારા સમાજમાં મારુ સ્થાન છે.

ડૉ. ઉપાધ્યાયના પિતા હિંમતભાઈની સર્જરી સમયે દશરથે દિવસ-રાત એક કરી તેમની સેવા કરી હતી. હોસ્પિટલ દશરથ સાચવે છે તો ડૉ. ઉપાધ્યાયના ઘરની દેખરેખ અને તેનું તમામ કામકાજ દશરથની દીકરી ચંદ્રિકા કરે છે. ચંદ્રિકા કહે છે કે હુ આઠ-નવ વર્ષની હતી ત્યારથી રક્ષિતાબેન અને સાહેબના ઘરે જાઉ છુ. મને ઘરનું સામાન્ય કામ કહી શકાય તે ઝાડુ-પોતા કરતાં નહોતુ આવડતુ. રક્ષિતાબેને મને ધીમે ધીમે બધુ જ શીખવ્યું. આજે ૨૦ વ્યક્તિઓની રસોઈ કરવી હોય કે ઘરનો સામાન લાવવો હોય, હુ આરામથી કરી લઉ છુ.'

રક્ષિતાબેન કહે છે કે ચંદ્રિકા કામમાં તો હોંશિયાર છે જ પણ સાથે સાથે ધાર્મિક પણ ખુબ છે. તેથી જ મારા સાસુ મધુબેનને તે ખુબ ગમે છે. 'બા'ની સેવા માટે હંમેશા તત્પર એવી ચંદ્રિકાની હમણા જ સગાઈ થઈ છે. ચંદ્રિકા કહે છે કે 'આ ઘર સાથે મારુ જોડાણ ખુબ મજબુત છે. શક્ય હશે તો મારી સાસરી અમદાવાદથી અહી અપડાઉન કરીશ અને સાહેબના ઘરે કામ કરીશ.'

પોતાના આગવા ગુણો અને લાગણીથી સંબંધો સાચવી જાણતા દશરથ અને તેની દીકરી ચંદ્રિકા સંબંધોની નવી પરિભાષા આપે છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૪

સૂર્યાસ્ત : ૭.૨૬

## તાપમાન

મહત્તમ : ૩૯.૨ ડિ.સે.

લઘુત્તમ : ૨૮.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૧ ટકા ● સાંજે ૪૬ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :

ફરારી કી સવારી : ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

ફરારી કી સવારી : ૧૦.૦૦

રાઉડી રાઠોડ : ૧૨.૩૦, ૩.૧૫, ૬.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ : શાંઘાઈ : ૧૧.૦૦

રાઉડી રાઠોડ : ૧.૧૫, ૪.૦૦

ફરારી કી સવારી : ૬.૪૫, ૯.૩૦

સ્ક્રીન-૪ : પીરાન્હા ૨ડી (હિન્દી) : ૧૧ , ૧ ,૫.૩૦, ૧૦.૧૫

શાંઘાઈ : ૩.૦૦

ફરારી કી સવારી : ૬.૩૦

રાઉડી રાઠોડ : ૭.૩૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ : પીરાન્હા ૩ડી (હિન્દી) : ૧૦.૩૦, ૯.૦૦

પ્રોમેથિયસ ૩ડી(હિન્દી) : ૧૨.૧૫, ૪.૩૦,

શાંઘાઈ : ૬.૪૫, ૧૦.૪૫

: સ્ક્રીન-૨ :

ફરારી કી સવારી : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૧૫, ૯.૦૦

સ્ક્રીન-૩ : શાંઘાઈ : ૯.૪૫, ૧૨.૦૦, ૨.૪૫

ફરારી કી સવારી : ૫.૦૦, ૭.૪૫, ૧૦.૩૦

: સ્ક્રીન-૪ :

રાઉડી રાઠોડ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

### સૂર્યા, વાવોલ

આખા જગતથી નિરાળી મારી સાજણા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

ધ સુપર હીરો : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### ટાઉન હોલ

- ગુજરાત રાજ્ય રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અંતર્ગત સંસ્કૃત સાહિત્ય અકાદમી દ્વારા વેદશાસ્ત્ર પારંગત સંસ્કૃત ભાષાના ત્રણ પંડિતોનું સન્માન, સાહિત્ય ગૌરવ પુરસ્કાર અને યુવા ગૌરવ પુરસ્કાર એનાયત કરવામાં આવશે. આ પ્રસંગ નિમિત્તે રાસ-ગરબા, નાટક વગેરે ત્રિદલમ સાંસ્કૃતિક કાર્યક્રમ સાંજે ૬.૩૦ કલાકે યોજવામાં આવશે.

## આપની આજ

**મેષ** : શિક્ષા, સ્નેહીજનો અને મિત્રવર્ગ સંબંધી શોધપૂર્ણ કાર્યમાં સમય પસાર થશે સાથે તેમનો સાથ સહકાર પણ મળી રહેશે. વેપારક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. નોકરી- વ્યવસાયમાં ભાગ્યવર્ધક કાર્યોમાં યાત્રા પ્રવાસનો યોગ.

**વૃષભ** : આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિવર્તન થઈ શકે છે. સમયનો સદુઉપયોગ આકાંક્ષાઓની પૂર્તિ થતી જણાય. સ્વાધ્યાયમાં રુચિ વધશે. સામાજિક, માંગલિક કાર્યોમાં ભાગ લેશો.

**મિથુન** : કોર્ટ- કચેરીના કેસોમાં ઉકેલ આવતો જણાય. વિદ્યાર્થી પોતાના મહેનતથી આગળ વધશે. વ્યાપાર- વ્યવસાયમાં વૃદ્ધિના થઈ શકે છે. વાહન ચલાવતી વખતે સાવધાની રાખવી.

**કર્ક** : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકે છે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્ત મળી શકે છે. બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં સફળતા પ્રાપ્ત મેળવી શકશો.

**સિંહ** : ધાર્મિક કાર્યો તરફ તમારી આસ્થામાં વધારો થશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલ લાવવો હિતકારી રહેશે.

**કન્યા** : વેપાર- વ્યવસાયમાં નવીન કાર્યયોજનાનો યોગ પ્રબળ બનકો જણાય.આજે પ્રેમ સંબંધોમાં સફળતા મેળવી શકશો. કુટુંબમાં શાંતિનું વાતાવરણ બની રહેશે. સમાજમાં માન-સન્માન પ્રાપ્ત થશે.

**તુલા** : પદ- પ્રતિષ્ઠા સંબંધી કાર્યોમાં લોકપ્રિયતામાં વધારો થઈ શકે છે. ધાર્મિક ક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રા પ્રવાસ થઈ શકે છે. કલાત્મક ક્ષેત્રમાં જોડાયેલા વ્યક્તિઓને કાર્યમાં સફળતા મળી શકે છે.

**વૃશ્ચિક** : આર્થિક પ્રકરણોમાં વિશેષ અનુસંધાન થઈ શકે છે. કુટુંબમાં માંગલિક કાર્ય થઈ શકે છે. આવક કરતાં ખર્ચ વધી ન જાય તેની કાળજી રાખવી.

**ધન** : માનસિક ત્રાસદીથી બચવું. આવકના સ્રોતથી વિશેષ લાભ થવાની સંભાવના છે. જળ વિભાગોથી ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થશે.

**મકર** : તમારી વ્યવહાર કુશળતાથી વ્યાપારમાં લાભ મળવાની સંભાવના છે. નવી યોજનાઓ વિચાર વિર્મશ થઈ શકે છે. જીવનમાં નિરાશાનો આભાસ થતો જણાય.

**કુંભ** : નોકરીમાં અધિકારીઓથી વિવાદ થઈ શકે છે. પ્રયત્નોનું ફળ પ્રાપ્ત થશે. સામાજિક અને રાજકીયક્ષેત્ર માન-સન્માન, પ્રતિષ્ઠામાં વધારો થઈ શકશે. વ્યવસાયિક યાત્રા લાભપ્રદ બની રહે.

**મીન** : કૌટુંબિજનો સાથે યાત્રા પ્રવાસનું આયોજન થઈ શકે છે. દૈનિક વ્યાપારમાં ભાગીદારી પરિવર્તન સંબંધી કાર્ય થઈ શકે છે. વિવાદમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થશે.

## ચિરવિદાય

- સ્વ. દીવાબેન તેજાજી રાઠોડ (ઉ.વ. ૮૦) મુ.પો. હાલીસા તા. દહેગામ, જિ. ગાંધીનગર.
- સ્વ. પાર્વતીબેન પિતાંબરભાઈ ભાખરીયા (ઉ.વ. ૫૦) પ્લોટ નં. ૧૨૮૭/૨, સેકટર-૪/સી, ગાંધીનગર.